R.N.I.No. : 11555/66
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 53 Issue No. 12
April - 2010

ઇશ્વરે કદી કીધું નથી કે
તમને પીડા વગરના દિવસો આપીશ.
માપ્યા વગરનો પ્રેમ કરશો
ત્યારે જ પ્રેમ કેટલો છે એ માપી શકશો ।
જેને પ્રેમ આપવો ગમે
અને જેને આપતા હો તેને પણ
તમારા પ્રેમનો પ્રતિસાદ આપવો ગમતો હોય
એવી વ્યક્તિ મળી જાય ત્યારે મોં ધોવા ના જતા।
માનને ખાતર પ્રેમ ગુમાવવા કરતાં
પ્રેમને ખાતર માન ગુમાવવાનું પસંદ કરજો..
પ્રેમ કરવા સંપૂર્ણ પાત્રની રહ જોવા કરતાં
પ્રેમ કરતા હો એ પાત્રને
સંપૂર્ણ પ્રેમ કરવાના પ્રયત્ન કરજો.

- સંકલન

આવો..... આપણે..... સૌ સાથે મળી ઉજવીએ....

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળની

## સ્થાપનાના ૬૦ વર્ષ

# હીરક જયંતી પર્વ

**સ્મરણિકાનું લોકાર્પણ અને**

**અભિનયના ઓજસ પાથરશે**

કિરણ ભટ્ટ પ્રસ્તુત, દિલીપ રાવલ લીખીત, કમલેશ મોતા દિગ્દર્શિત

**એક નાટક**

# ઑજ લિખિતંગ - ખુશાલી

દ્વિઅંકી નાટકના નાટય કલાકારો

ખુશાલી જરીવાલા, સુનિલ શાહ, પાર્થ શુકલ, દેવ્યાની ઠાકર

**દિનાંક : શનિવાર, તા. ૮.૫.૨૦૧૦ સાંજે ૭.૦૦ કલાકે**

**સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ**

**તા. ૩૧.૩.૨૦૧૦ સુધી નોંધાયેલા મંડળના આજીવન સભાસદોએ**
**તા. ૨૫.૪.૨૦૧૦ થી ૫.૫.૨૦૧૦ સુધી સાંજે ૪ થી ૬ માં**
**પ્રગતિ સમાજના કાર્યાલયમાંથી પાસ મેળવી લેવા.**

**દાતાઓ અને આમંત્રિતોને પાસ પહોંચાડવામાં આવશે.**

**:મંડળના સભાસદો, દાતાઓ અને આમંત્રિતો માટે**
**પ્રમુખ : શ્રી પ્રવીણ દેસાઈ**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૪ | ૧ | ૧૫-૪-૨૦૧૦ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૧ થી ૮ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# મન - ડલ હોય એ મંડળમાં જાય ?

**તંત્રી સ્થાનેથી**

મારા પપ્પા મને મજાકમાં કહેતાં 'મન-ડલ હોય એ મંડળમાં જાય' પણ હું માનતો કે ફક્ત મન-ડલ હોય એ લોકો જ નહી મનમાં પ્રેમ, સેવા, કરૂણા હોય, સમાજ માટે કંઈક કરવાની ભાવના હોય એવા લોકો મંડળમાં જાય. જો કે આજના સંજોગોમાં મારા પપ્પાની વાતના સમર્થકો આપણને વધારે મળે એવી શક્યતા ખરી. આ બાબતની વધુ ચર્ચા કરવા કરતાં ચાલો આ મંડળોના ભુતકાળમાં લટાર મારી આવીએ. વર્ષો પહેલાં બાલાસિનોર ગામમાં સમાજની સેવા કરવાની ભાવનાથી કેટલાંક યુવાનો ભેગા થયા. ધ્યેય એક જ, સમાજની સેવા. સમાજના લોકોના ઉત્થાન માટે કંઈક કરવાની ઈચ્છા. આવા એક ધ્યેયવાળા મિત્રોનો એક સમુહ બન્યો. આ સમુહ ધીરે ધીરે આગળ વધતાં સંઘટન-મંડળમાં પરાવર્તિત થયો. હવે આ સમુહ અને સંઘટન વચ્ચેનો તફાવત વિચારીએ. સમુહ એટલે સ્વતંત્ર વિચારો, સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતા મિત્રો જેઓ પ્રેમને કારણે, સમાન મુલ્યો માટે ભેગા થાય છે. દરેક જણ પોતાની મરજીથી પોતાની સ્વતંત્રા સાથે લઈને આવ્યું છે. ત્યાં કોઈ નિયમ નથી. કોઈ લીડર નથી. કોઈ અનુયાયી નથી. કોઈ ઉંચ નીચ નથી. બસ સમાજની દરેક વ્યક્તિ ગરીમાથી જીવી શકે એના માટે પ્રયત્નશીલ થવું એ જ કોમન એજન્ડા. હવે આ સમુહમાં વધારે (efficiency) કાર્યક્ષમતા લાવવા માટે કેટલાંક નિયમો બન્યા. કામની વહેંચણી કરવા માટે Portfolio (પદ) બનાવવામાં આવ્યા અને

આમ સમુહમાંથી સંઘટન બન્યું. આ સંઘટનમાં નિયમો બન્યા, બંધારણ ઘડાયું, કાનુન બન્યા, પદાધિકારીઓ બન્યા, કારોબારી બની, મંત્રી બન્યા, પ્રમુખ બન્યા, ટ્રસ્ટીઓ બન્યા, એક સામાન્ય સભ્યથી લઈને પ્રમુખ સુધીની સીડી બની. આ સીડી ઉપર ચઢવા માટેની દોડ શરૂ થઈ. ઉપર પહોંચવાની મહેનત અને પહોંચ્યા પછી ગબડી ન પડવા માટેના પ્રયત્નો. આ બધામાં ઘણા મિત્રો છુટા પડી ગયા, સ્વંતત્ર વિચારો ખોવાઈ ગયા. વ્યક્તિ નહીં સંસ્થા મહાન છે કહેતાં કહેતાં ક્યારે વ્યક્તિઓ પોતાના પૈસાને પ્રતિષ્ઠાના જોરે સંસ્થા કરતાં મહાન થઈ ગઈ એ ખબર ન પડી. મિત્રો માટે બનાવેલા હતાં નિયમો, હવે નિયમો માટેના મિત્રો થઈ ગયા. ધ્યેય બધાનો હજી પણ એજ છે. સમાજના ઉત્થાન માટે કાર્ય કરવું પણ સમાજ કેમ વિખરાઈ રહ્યો છે એની ઉપર વિચાર કરવાની જરૂર છે. નવા લોકો કેમ આગળ નથી આવતાં. શું જુના ૨૫ ને ડર છે કે એક નવો આવીને બધુ બદલી નાખશે ? એવું ન હોય તો શા માટે જુનાની જ પેનલો બનાવીને ઈલેકશનો લડાય છે ? કેમ બિનકાર્યક્ષમ પુરવાર થયેલાને પણ પેનલોમાં લેવાય છે ? કંઈ પણ કાર્ય કર્યા સિવાય કેમ વર્ષો સુધી કેટલીક વ્યક્તિઓ ચુંટાતી જ રહે છે ? ઉમેદવારોને ક્યારેય પણ પુછવામાં આવ્યું છે કે શા માટે તમારે આ મંડળમાં આવવું છે ? તમારું ધ્યેય શું છે ? તમે આ મંડળમાં આવીને શું કરવામા માંગો છે ? સમાજને વધુ મદદરૂપ થવા માટે તમારી પાસે શું વિચારો છે કે યોજનાઓ છે ? આ સંસ્થા શું કાર્ય કરે છે ? કેવી રીતે કરે છે ? એનું બંધારણ શું છે એની તમને જાણ છે? અને બધા માટે હોદ્દેદારો જવાબદાર છે એટલો જ સમાજ જવાબદાર છે. આ બધુ પુછયા વગર ફક્ત પ્રતિષ્ઠાના જોરે કે સગાવાદમાં વોટ અપાય છે પછી એ કાર્યકર્તાની ચુંટણી હોય કે પ્રમુખપદની જોકે નવા વિચારોવાળા નવા કાર્યકર્તાઓનો અભાવ લોકોની મંડળમાં કામ કરી સમાજ સેવા કરવા પ્રત્યેની ઉદાસી પણ આ માટે એટલી જ જવાબદાર છે. નવા યુવાનો, નવા કાર્યકરો, નવા વિચારો સાથે કામ કરવા આગળ આવે તો તેઓના મોર્ડન અભિગમનો લાભ સમાજને મળી શકે.

પહેલાં સાધનો નહોતાં ત્યારે પણ લોકનેતાઓ લોકોના મન સુધી પહોંચી શકતાં. લોકોની જરૂરિયાતો સમજી શકતાં આજે આટઆટલાં કોમ્યુનીકેશનના સાધનો હોવા છતાં કેમ લોકો સુધી પહોંચી નથી શકાતું.

સંઘટનમાં-મંડળોમાં બનાવેલા નિયમો પણ લોકોના ઉપયોગ માટે, સમાજના વિકાસ માટે બનાવેલા હોય છે. દરેક વ્યક્તિ ગરીમાથી ઉભી રહી શકે અને વિના સંકોચે મદદ મેળવી શકે એવું માળખું છે. પણ જો નિયમો સમાજ વિકાસના કાર્યને અંતરાયરૂપ બનતું હોય તો નિયમો બદલવા જોઈએ. દાખલા તરીકે ભંડોળ એકઠું કરીને એના વ્યાજમાંથી લોકોને મદદ કરીએ તો વર્ષો સુધી એ કાર્ય અટકે નહી એવા આશયથી બનાવેલો એક નિયમ એવો છે કે કોઈપણ દાન, ભંડોળમાં (કોર્પસમાં) જમા કરી ફક્ત એનું વ્યાજ જ વાપરી શકાય. હવે જ્યારે દરેક મંડળોમાં કરોડોનું ભંડોળ જમા થઈ ગયું છે. અને હાલની સમાજની જરૂરિયાત એની વ્યાજની આવકથી વધુ છે અને પુરી નથી થઈ શકતી. વ્યાજદર ઘટતાં જાય છે અને ફુગાવાને લીધે રૂપિયાની કિંમત ઘસાતી જાય છે. તો શું આ નિયમ કાલે ઉઠીને લોકો

દાન આપતાં બંધ થઈ જશે તો....?? (આ એક કાલ્પનીક ભય છે પણ ચાલો માની લઈએ) તો શું નવા આવતાં દાન ને પણ કોર્પસમાં પુરેપુરું જમા કર્યા કરતાં જરૂરિયાત પુરતું વાપરી બાકીનું જમા ન કરી શકાય?

લોકોની શિક્ષણ ક્ષેત્રે અને મેડીકલ ક્ષેત્રે પડતી જરૂરિયાતને સો ટકા સંતોષી ન શકાય? આનો જવાબ સમાજ અને દાતાઓ મંડળો પાસે લઈ શકે છે? દાતાઓ દાન આપતી વખતે અને સમાજ મંડળોની AGM વખતે આ નિયમમાં બદલાવ લાવી શકે છે. નિયમો સમાજ માટે છે. નિયમો સમાજને જોડે છે. સમાજને તોડતા નથી. એવું જ દાનનું પણ છે. દાતા અને જરૂરિયાતમંદ બે ભેગા થાય તો જ દાનનું મહત્વ છે. દાતાના દાનનું મહત્વ એટલા માટે છે કે સામે લેવા વાળાની જરૂરિયાત છે. અન્નની જરૂરિયાત એટલે છે કે ભુખ છે. ભુખ જ ન હોય તો ગમે એટલુ અન્ન આપો શું કામનું. દેનાર અને લેનારના બે ત્રાજવા ઉપર જ સમાજ બેલેન્સ થાય છે. એટલે લેનારનું મહત્વ પણ દાતાઓએ અને મંડળોએ સમાજવાનું છે. બન્નેને સરખું જ સન્માન આપવાનું છે. દાતાના દાનનું એની મદદરૂપ થવાની ભાવનાનું અને લેનારની જરૂરિયાત અને એની મજબુરીનું પણ સન્માન થવું જોઈએ. ખેર આ છે વડીલોના વર્ષો પહેલાં ભેગા થયેલ સમુહથી આજના સંઘટન અથવા તો મંડળો સુધીની સફર. ઘણું બધુ સારા માટે બદલાયું છે અને ઘણું બધું સારા માટે બદલાતા રહેવું જરૂરી છે. વર્ષો પહેલાનાં સમુહની ભાવના, આદર્શો, સમાજની ઉન્નતી માટેના પ્રયત્નો ચાલુ રહે એજ સમાજની માંગ છે.

પાછું પપ્પાની 'મન-ડલ હોય એ મંડળમાં જાય'ની વાત ઉપર આવીએ. તો આટલા વર્ષોના અનુભવો પછી સમજાય છે કે અમારા બન્નેની વાત સાચી હતી. લોકો માટે, સમાજ માટે પ્રેમ, સેવાની ભાવના હોય તોજ મંડળમાં જવું જોઈએ અને જો કંઈ કરવું ન હોય ને મન-ડલ થઈ ગયું હોય તો મંડળને વધુ ડલ કર્યા વગર બાય બાય કરી દેવું જોઈએ. એટલે વાક્યને થોડું બદલવાની જરૂર છે. **'મન-ડલ હોય તેઓ મંડળમાં પ્લીઝ ન જાય'** એને ફક્ત સામાજીક પ્રતિષ્ઠા મેળવાનું સાધન ન બનાવે અને જેને સમાજ માટે કંઈક કરવાની ઈચ્છા છે તેઓ કોઈપણ પ્રકારનો સંકોચ રાખ્યા વગર મંડળમાં કામ કરવા આગળ આવે.

**– નિખિલ બાબુલાલ પરીખ**

## શ્રી બાલાસિરનો નવયુવક સંઘ

### શૈક્ષણિક પારિતોષિકો શાળા

### માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિરનો નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીભાઈ-બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે. જેમાં K.G. ધોરણ ૧ થી ૯ S.S.C., H.S.C, B.Com., B.A, B.Sc., B.D.S., C.A., LL.B, M.B.A, M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીભાઈ બહેનોએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા. ઈનામ વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**મંત્રી – મંજુલ ધારીયા**

## વામન કદના પણ વિરાટ ગજાના બાબુભાઈની વિદાય

બાલાસિનોરની કોઈપણ સંસ્થાની AGM હોય, શ્રોતા સભ્યમાંથી પોતાના વિચારો અને સુચનો રજુ કરવા એક વામન કદની વ્યક્તિ જરૂરથી ઉભી થતી અને બધાના મોઢા ઉપર હાસ્ય પથરાઈ જતું. મોઢામાં પાન સાથે પોતાની અલગજ શૈલીમાં પોતાના વિચારો રજુ કરતાં સૌ કોઈ એમને ગંભીરતાથી સાંભળતા. હોદેદારોની ભુલ હોય તો કાન પણ પકડતાં અને એટલાજ પ્રેમથી હસી તે વાત ને વાળી પણ દેતાં આ વ્યક્તિ એટલે આપણા સૌના લાડીલા બાબુકાકા (પ્રવીણચંદ્ર) ચીમનલાલ શાહ હાથીખાનાવાળા. હવેની દરેક એજીએમમાં લોકોની આંખો એમને શોધશે પણ એ અક્ષરદેહે ત્યાં હાજર નહી હોય.

મારો એમની સાથેનો પ્રથમ પરિચય શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ તરીકેનો હતો. સાલસતાથી કોઈ પણ ગુંચનો ઉકેલ લાવતાં અને નાના મોટા સૌને મિત્ર બનાવી લેતાં. એમના ત્રણ વર્ષના કાર્યકાળ દરમ્યાન સંઘે ઘણી પ્રગતિ કરી અને ઘણા સફળ કાર્યક્રમો યોજાયા.

ધંધાકીય ક્ષેત્રે પણ તેઓ એક બાહોશ બીઝનેસમેન તથા કુશળ વહીવટકર્તા હતા. Electric Merchant Accociation ના પ્રમુખ તરીકે એમણે સેવા આપી હતી.

તેઓ એક ઉમદા વ્યક્તિ સાથે એક ઉમદા દાતા પણ હતાં. સમાજને કંઈક આપવું, કંઈક કરી છુટવું એ ધ્યેય સાથે તેમ ઘણા સામાજીક કાર્યો પણ કર્યા છે.

૭૮ વર્ષની વયે તેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. પરંતુ ચક્ષુદાન દ્વારા તેઓ પોતાની આંખો આપણી વચ્ચે રાખી ને ગયા છે. અને સમાજ માટેનો એમનો પ્રેમ આપણા સૌ ઉપર એમજ વરસતો રહેશે. પ્રભુ એમના આત્માને પરમ શાંતિ અર્પે એવી આપણા સૌ વતી પ્રાર્થના.

**– તંત્રી જ્યોતિપુંજ – નિખિલ પરીખ**

## શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ વધતી જતી મોંઘવારી અને ઘટતા જતા વ્યાજના દરોને ધ્યાનમાં લઈને આગળ જાહેર કરેલી નીચે મુજબની 'સ્કીમ' માટે ઉદારદીલ દાતાશ્રીઓને ફરીથી ટહેલ નાંખે છે.

(૧) Business Promotion Yoing 11-oo Lac & Above

(૨) Job Opportunities Scheme 11-oo Lac & Above

(૩) Overseas Education Relig Scheme 11-oo Lav & Above

આ ઉપરાંત

Higher Education Scheme 7-oo Lac & Above

માટે દાતાશ્રીને આવકારે છે.

**– નીમીશ કડકીયા**

**– દક્ષેશ કડકીયા**

# હોલીમાં ઉડે રે ગુલાલ... હોલી રંગ બરસે...

✍ ઉષા એસ. ધારીયા

'હોલી' ઈંગ્લીશમાં આ શબ્દનો અર્થ થાય છે 'પવિત્ર' ગુલાબી, લાલ, પીળો, નીલો, જાંબલી વગેરે વગેરે રંગો ! અને લેખનું ટાયટલ છે 'હોલીયામાં ઉડે રે ગુલાલ, હોલી રંગ બરસે અને રંગોની ઉડે રે બોછાંર'. કંઈ વર્ષો પૂર્વેથી હોલી રમાતી આવી છે. આપણા શ્યામ સખા, શ્યામ છતાં રંગભરી હોલી ખેલે કેસુડાના રંગની ભરી પિચકારી, સરરર રંગ ઉડાવે'... અને રાધા ગોરી 'મલ દુંગી ગુલાલ તોરે મુખપે' અને ત્યારથી હોલી, પવિત્ર હોલી 'રંગોકી ચલાઈ રે બહાર હોલી રંગ બરસે ખેલાતી આવી છે. આ રંગોની ઓળખ મનને ઉમંગથી ભરી દે છે.

'રંગ રંગના ચટકાં, ચિતારો, રંગારો અજબ ગજબનો'

અનાજ પશુ પંખીઓ અને શાક, ફલોમાં રંગ અને મહેક ભરી પ્રભુજીએ રંગોની જ નહી પોતાની પણ ઓળખ આપી છે.

મિટ્ટીસે તુને માધોં બનાયા
કોઈ રંગ ગોરા કોઈ રંગ કારા
શ્યામ રંગમે સબ રંગ સમાયા
રંગરેજ તું બડાહી નિરાલા...
બડાહી નિરાલા તું નિરાલા...
બડાહી નિરાલા તું શિલ્પકારા...

હોલીનો રંગ આનંદ શ્વેત રંગ સુલહ આભામંડળનો સંધ્યા રંગ સોનેરી જીવનમાં રંગ ભરે. અને શ્યામ રંગ એ તો મારા પ્રભુજીની પ્રીતીનો.

રંગ અને હોલી વર્ષોથી માણતા આવ્યા છીએ. પરંતુ શ્યામ સખાએ શ્યામ રંગને પ્રિયકર કર્યો. સાચી વાત કહીએ તો 'શ્યામ રંગમે સબ રંગ સમાયા'

'દુજોના દિસે મોહે શ્યામ રંગ ભાયા'

પ્રભુજીતો અજન્મા, નિરાકાર, નિરંજન છે. સાકાર છે. પંરતુ મનુષ્યના મનને ત્રિગુણાતીતનો અહેસાસ કરાવા, સુંદર, સુરખી, સુરભિ સુંદર શ્યામ કી... શ્યામ સખા શ્યામ રંગે છે. સાંવરો રંગ લઈ મનુષ્યનું રૂપ ધરી જન્મ ધારણ કરી આકાર લઈ માનવના મનને રીઝવી રહ્યો છે. મારું મન તો ત્યારે જ રીઝાય 'મોહે શ્યામ રંગ દઈ દે'...મોહે અપને રંગમે રંગ લે'. પ્રભુજીના લાલ, પીલા, નીલા, રંગે રંગાયા પછી શ્યામ રંગે રંગાવવું છે. શ્યામ રંગમાં રંગાયા પછી દૂજો રંગ નાહી દીસે. પ્રભુજીની પ્રિતીના રંગે રંગાવું છે. એ રંગની મસ્તીમાં ઝુમતા રહેવું એજ સાંચી હોલીનો રંગ છે.

'શ્યામ રંગમે સબ રંગ સમાયો.. મને શ્યામ રંગ વ્હાલો .. મને શ્યામ રંગ લાગો'

ભારત દેશના ત્રીરંગા ધ્વજની શાન જાળવીએ. કેસુડાંનો કેસરી રંગ, ઝાડપાનનો લીલો રંગ અને શ્વેત રંગ સુલહનો, તો જાળવીએ આપણા ભારત દેશની શાન પ્રભુજી પાસે માગીએ 'સદ બુદ્ધિની શાન.

પૃથ્વીને ચાકડે ચિતારો રંગારો અજબ ગજબનો, હોલીનો તહેવાર પવિત્ર બનાવી 'રંગ રંગના ચટકાં'... ની મોજ મસ્તી મણાવી, પરંતુ રંગોની સાચી ઓળખ તો અનાજ પશુ, પંખી, ફળ, ફૂલ, નીલુ આકાશ, ઝાડ, પાન, વૃક્ષ, બગીચા અને છેલ્લે આવે માનવી. ખુલ્લે હાથે રંગો બીખેર્યા છે. પ્રભુજીએ અને સાથે સ્વાદ અને સુગંધથી મહેકાવ્યાં છે. Cook with your Soul. રંગ રૂપ સ્વાદ અને સુગંધ સાથે વાનગી બનાવીને પીરસાય અને - અને આ મને સ્ફુરણાં આપનાર આપણા શ્રી શ્યામ સખા જ છે એને તો ફળોમાં રંગ અને મીઠાશ ભરી

દીધા છે. ફૂલો પણ મહેકાવી, રંગ ભર્યા છે અને તમારા હૈયાને નિરંતર એક જ સમજાવજો કે આ મિઠાશ આ રંગ રૂપે સુંદરતા એટલે જ આપણઆ લાડીલા શ્યામ સખા છે. વૃક્ષ અને છોડ પર ખીલતા મોગરા, ગુલાબ, જોઈ, જુઈ, બોરસલી સોન, ચંપા, પાંડવ કૌરવોના ફુલનો રંગ મહેક પ્રસરાવે છે. પ્રભુજી રંગો જોઈ મન બહેલાવે છે. પ્રભુજી, પ્રભુજી હસતો રમતો દેખાય 'જ્યાં જ્યાં નજર મરી ઠરે' પ્રભુજી મંદિરમાં નથી, શું ફળોની મિઠાશ અને શું રંગ વિખેર્યા છે. પ્રભુજીએ શાકમાં અને સંતરામોસંબી, દાડમ, સીતાફળ, જામફળ, પપૈયા, કેરી, કાચી કહો કે પાકી, તુલસીને ઉગાડી તેની પૂજા તેના વિવાહ કરી પ્રભુજીએ આપણા મન આનંદ વિભોર કરી દીધા છે. માનવી હજુ પ્રભુજીની મસ્તીને માણી નથી શક્યો ગુણ જોતાં પહેલાં ગોરા કાલાનો ભેદ નીરખી મનને ઠગી રહ્યો છે. ગુણીજનને ઓળખવાની દ્દષ્ટિજ નથી. નાના હતાં ત્યારે રમતાં રમતાં ઝઘડી પડીએ ત્યારે બોલતાં ગોરા તો ગધેડા, કાળા તો કૃષ્ણા' ત્યારે આનો અર્થ, ભેદ જાણતાં ન હોતો, પરંતુ 'નિજાનંદે માણી મસ્તી, શ્યામ સંગે, નિરખી શ્યામની આકૃતિ, પ્રકૃતિ મન આજે ઝુમી રહ્યું છે. ઘઉં, શેરડી, તલ, શીંગ વગેરે પાક તૈયાર થતાં ખેડુ હરખાય, અને આપણે લાડુ, ચિક્કી બનાવી હોળીનો પવિત્ર તહેવાર આનંદે ગુલાલ ઉડાવી, હોળી પ્રગટાવી, અગ્નિદેવની પુજા કરી ઉજવીએ, જુવારની ધાણી, ખજૂર, શેરડી, લીલા ચણાની મોજ માણીએ પરંતુ રીયલ અર્થમાં, સાચા અર્થમાં પ્રભુજીએ વિખેર્યા રંગનો બોંછાર ફૂલ-ફૂલમાં અનાજમાં માણીએ, પ્રભુજી સાથે ઝુમી, મસ્તીમાં મનાવીએ, 'હોલી ઉડે રે ગુલાલ.....' 'હોલી રંગ બરસે... સાચા અર્થમાં હોળી મનાવી પ્રભુજીને ઓળખીએ...

☆ ☆ ☆

## નિરાલા શિલ્પી

બડા હી નિરાલા તું શિલ્પકારા
મિટ્ટી સે તુને માધોં બનાયા.... બડા હી નિરાલા
કોઈ રંગ ગોરા, કોઈ રંગ કારા
શ્યામ રંગમે સબ રંગ સમાયા
રંગરેજ તું બડા હી નિરાલા.... બડા હી નિરાલા
ન ધાગા, ન ટાંકા, સીલા તુને કૈસાયે ચોલના
બડા હી નિરાલા
ઓઢાયા તુંને પ્યાર કા દુશાલા
માયા મમતાસેં તુને પ્રાણો કો સંચારા.....બડા હી નિરાલા
દૈ કે નરનારી કા રૂપ તુને માનવ સંવારા
મિટ્ટીસે તુંને માધોં બનાયા... બડા હી નિરાલા
હિવરે કે કોને મેં તુને ધરવા બનાયા
ધરવામાં છીપા બેઠા ફીરભી મૈંને જાના
માના તુજકો પહેચાના... બડા હી નિરાલા

## અજબ ગજબનો કિરતાર

પૃથ્વીને ચાકડે માટીનો પિંડો
અજબ ગજબનો ઘાટ ઘડનારો
અજબ ગજબનો અદભૂત કુંભારો
રંગ રંગના ચટકાં, ચિતારો
રંગારો, અજબ ગજબનો
ના સૂઈ ના ધાગો, ના ઢાંકો
અદભૂત દરજીડો અજબ ગજબનો
પંચમહાભૂતનો દીધો કુબેરો
અજબ ગજબનો અદભૂત કૃપાલો
નામ છે એનું કૃષ્ણ કનૈયો
એ છે મારો વ્હાલો કાનુડો.....

– ઉષા એસ. જીારીઆ

# મુકતકો

**(નોંધ ભાઈ ભગેશ કડકીયા સંપાદિત પુસ્તક 'પ્રેમમૂતિ શશીભાઈના વિચારોને આધારે)**

શ્રધ્ધા રાખી જીવંત શ્રીજીના દ્વારા ખખડાવવા જોઈએ,
છે જ ઈશ્વરને અતિ નિકટ છે. સમજણ જોઈએ,
નિરંતર નિરખી રહ્યો છે, સાધકની દિનચર્યાને,
વાત કરતા આ સમજથી, પ્રતિસાદ અર્હનિશ પામશે.

✤ ✤ ✤

સાધકે ચિત્તશુધ્ધિ કાજે, સઘળુ અહી ત્યજવું પડે,
ગણા-અણગમા, આગ્રહો, આસક્તિઓ ત્યજવી પડે,
કામિની, કંચનને કીર્તિની, કામના કદિ કરાય ના,
પૂર્વગ્રહ, પક્ષપાત, મમત્વ ને લોકાચાર ત્યજવા પડે.

✤ ✤ ✤

સાધકે ચિત્તશુધ્ધિ કાજે, સ્વાદો સઘળા ત્યજવા પડે,
પરનિંદાના દોષથી, ઉપર સદા ઉઠવું પડે,
પ્રત્યાઘાત રહિત વલણને, જીવનમાં અપનાવ્યા પછી,
પ્રકૃતિવશ થઈ જીવનને જીવતાં શિખવું પડે.

✤ ✤ ✤

કેવા કેવા રૂપો લઈ, વાસનાઓ આવે જીવનમાં ?
ઉચ્ચ હોય કે નીચ હોય પણ અંતે તો છેસૌ વાસના,
માનવી નિજસંગ એકાંતે, રહી શકે ના ક્ષણભર,
મન નચાવે કઠપૂતલી જયમ, સંયમિત ના જીવન આ

✤ ✤ ✤

ચિત્ત તો ચંચળ છે, ચંચળતા તેની પોષાય ના,
મન તો મર્કટ સમુ, જીદ તેની પુરી કરાય ના,
નિધિધ્યાસને નામ સ્મરણમાં, મનને સ્થિત કરીને સદા,
સત્સંગ, સદવાંચન, વિચારને મનનથી દૂર રખાય ના.

✤ ✤ ✤

હું સસીમ ને તું અસીમ, ક્યારે ને કેમ સીર્શીશ હું ?
ગમતા તને કામો-વિચારોના થકી તને આંબીશ હું,
વાગોળી સૌના ગુણો, પરદોષોનું ચિંતન ત્યજી,
ઈચ્છીને શુભ પ્રાણીમાત્રનું, નક્કી એક દિન પામીશ હું.

**- સતીશચંદ્ર ભી. પરીખ (રોકડિયા)**

# Ph.D. અભિનંદન

'બાલાસિનોર આટર્સ એન્ડ કોમર્સ કોલેજના ઈતિહાસ વિષયના અધ્યક્ષ શ્રી દિનેશકુમાર ક્રિશ્નપ્રસાદ બારોટ ઈતિહાસ વિષયમાં 'ભારતીય સ્વાતંત્ર - સંગ્રામના ઈતિહાસમાં ખેડા સત્યાગ્રહ (ઈ.સ.૧૯૧૮)નું પ્રદાન' વિષય પર પ્રો.(ડૉ.)કે.સી. બારોટ (અધ્યક્ષ ઈતિહાસ વિભાગ એલ.ડી.આટર્સ કોલેજ, અમદાવાદ)ના માર્ગદર્શન નીચે પી.એચ.ડી. શોધકાર્ય પૂરીપૂર્ણ કરેલ છે. જેને ગુજરાત યુનિ.એ માન્ય રાખી તેમને પી.એચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. આ પરત્વે બાલાસિનોર વિદ્યામંડળ દ્વારા ઉપપ્રમુખ શ્રી મણીકાન્ત ભાઈ કડકીઆના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

# પ્રેમ પંથ

પ્રિયે મત સમજો મુઝે અકિંચન
નહીં નહીં મૈં નહીં કૃપણભી
દેખા મેરે ઈન નયનો સે
જગ કે યહ અનમોલ રતન
યહ પ્રેમ અશ્રુ
ઝરતે રહતે યું હી નિરન્તર
નિર્ઝર સે ઝર-ઝર
આઓ નિજ આંચલ ફૈલાઓ
લે જાઓ ભર-ભર કર
હર એક શામ સુહાની હોગી
સ્વર્ણિમ હોગા હર પ્રભાત
હમ તુમ દોનોં સાથ ચલેં જો
થામે એક દૂજે કા હાથ
પ્રિયે યહ તો હૈ પંથ-પ્રેમ કા
ચલો ન યૂં ડર - ડર કર.

**- બી.એસ.ગાંધી કાનપુર**

# સ્ટ્રેસ એન્ડ ટાઈમ મેનેજમેન્ટ

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની પ્રોગ્રામ એન્ડ મેનેજમેન્ટ યોજના હેઠળ સેમીનાર

બાલાસિનોરના નવી પેઢીના યુવાન યુવતીઓ એકબીજાને મળે અને આગળ આવીને સમાજને મદદરૂપ થઈ આપણો સાંસ્કૃતિક અને સામાજીક વારસો આગળ વધારે એ આશયથી શરૂ કરાયેલી આ ‘પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ’ યોજનાના પ્રથમ કાર્યક્રમરૂપે આપણે સૌએ Edelweiss group of company ના આપણા CEO & MD રશેસ ચંદ્રકાંત શાહ (નગર સેવક)ને સાંભળ્યા જેમાં ૩૦૦ થી વધુ જણાએ હાજરી આપી હતી.

આજ યોજનાને આગળ વધારતાં હવે આપની સમક્ષ આવે છે આપણા જ ગામના જાણીતા ક્રિકેટર શ્રી નિખિલ પ્રવીણચંદ્ર દેસાઈ (દેડકી) નિખિલ દેસાઈને આપણે એક ઉમદા ક્રિકેટર તરીકે તો ઓળખીએ છીએ. પણ તેઓ એક ઉત્તમ વકતા પણ છે. આર્ટ ઓફ લીવીંગ અને સ્ટ્રેસ એન્ડ ટાઈમ મેનેજમેન્ટના વર્કશોપ દ્વારા તેઓ કોરર્પોરેટ જગતના કેટલાંયે મેનેજરો અને ઓફિસરોને લાઈફ મેનેજમેન્ટના પાઠ શીખવી ચુક્યા છે. ખુબજ બીઝી શીડયુલ માંથી સમય ફાળવીને આપણા બાલાસિનોરના યુવાન યુવતીઓ અને ઉત્સાહી વડીલોને મળીને સ્ટ્રેસ એન્ડ ટાઈમ મેનેજમેન્ટ ઉપર સમજ આપવાની તેઓએ તૈયારી બતાડી છે. હવે આ તક ઝડપી લેવાની એટલી જ તત્પરતા આપણે સૌએ બતાડવાની છે.

રસ ધરાવતા બધાને વિનંતી કે તમારા કોન્ટેક માટેના ઈમેલ એડ્રેસ balasinor.pragatisamaj@gmail.com ઉપર રજીસ્ટર કરાવી લો. આ માટેના સરક્યુલર ઈમેલ દ્વારા અને જ્યોતિપુંજના આગામી અંકમા મળી શકશે. ડૉકટરો અને પ્રોફેશનલોને ધ્યાનમાં રાખીને આ વખતે આ સેમીનારનું આયોજન રવિવારના દિવસે રાખવામાં આવ્યું છે તો તેઓને આનો લાભ લેવા ખાસ વિનંતી.

**વિષય** : **સ્ટ્રેસ એન્ટ ટાઈમ મેનેજમેન્ટ**

**વકતા** : **શ્રી નિખીલ પ્રવીણચંદ્ર દેસાઈ (દેડકી)**

**સમય** : **૪થી જુલાઈના રવિવારે**
**સવારે ૯ થી ૧૨.૩૦ સુધી (બ્રેકફાસ્ટ સાથે)**

**સ્થળ** : **સેનેટ હોલ, સ્ટેટસ હોટલ, નરીમાન પોઈન્ટ**

**– શ્રી પંકજ ધારીઆ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## આભાર

શ્રી પ્રમોદ મુલજીભાઈ ધારીઆ લાલખા (સીકંદ્રાબાદ) તેઓએ તેમની પુત્રી ચિ. હીરના શુભ લગ્ન પ્રસંગે સમાજને રૂા. ૭,૫૦,૦૦૦ અંકે રૂપિયા સાત લાખ પચાસ હજારનું માતબર દાન આપવાનું વચન આપેલું છે.

ઉપરોક્ત સંસ્થાની મેનેજીંગ કમીટી મેમ્બરની તા. ૨૭-૧-૧૦નાં રોજ મળેલી મીટીંગમાં નિર્ણય લેવાયા મુજબ શ્રી પ્રમોદભાઈને નીચે દર્શાવેલ સ્કીમ આપવામાં આવી છે.

‘Interest Relief Scheme on Home, Medical and Education Loans 2009’

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ આ ઉમદા દાન આપવા બદલ શ્રી પ્રમોદભાઈ ધારીઆ તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે.

**– નીમીષ કડકિયા (મલમ)**
**– દક્ષેશ કડકિયા (લટકારી)**
**માનદ્ મંત્રીઓ**

# સંકોચ છોડીને આગળ આવો – ત્રણ યોજના ત્રણ કારણો

**(૧) લગ્ન જીવન સમિતિ યોજના :** હાલમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની યોજના હેઠળ લગ્ન ઉત્સુક યુવક યુવતીઓને મેળવવા માટે મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૪૬ નામો હોવા છતાં ફક્ત ૪૮ જણાએ આ મેળાવડામાં ભાગ લીધો હતો અને ૧૬ થી ૧૭ મીટીંગો યોજવામાં આવી હતી. હજી લોકો એ માન્યતામાંથી બહાર નથી આવતાં કે આ યોજનામાં ફક્ત રહી ગયેલા છોકરા-છોકરીઓ જ ભાગ લે છે, આમાં નામ આપવાથી લોકોને એમ લાગે છે કે અને મળતું નથી. મોટા ઘરના છોકરા છોકરીઓ નામ ન નોંધાવે. આ માન્યતા સદંતર ખોટી છે અને આ યોજના કોઈની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની નથી. હેતુ યોગ્ય અને બહોળી પસંદગીનો જ છે. જો કે આ વર્ષે ઘણાં લોકો આ વસ્તુ સમજ્યા છે અને સારો પ્રતિસાદ હજી પણ મળી રહ્યો છે. હજી બધા જ સ્તરના લોકોને ખાસ વિનંતી કે સંકોચ છોડીને આગળ આવો અને આ યોજનાનો લાભ આપની તરફેણમાં લો. દરેક પરાંમાંથી એક પ્રતિનીધી બેન આ સમિતિમાં સભ્ય છે. તો વિના સંકોચે તેઓનો સંપર્ક કરી આપના લગ્ન લાયક દીકરા દીકરીના નામ મોકલાવો.

મેળાવડામાં સંયોજક સંગીતાબેન પરીખ ઉપરાંત સમિતિની બહેનો પ્રીતીબેન, સોનલબેન, રીટાબેન, નીશાબેન, શિલ્પાબેન, મીરાબેન, મીનાબેન, રત્નાબેન તથા સંસ્થાના હોદ્દેદારોએ પોતાની સેવા આપી હતી.

**(૨) આર્થિક રાહત યોજના :** આ યોજના હેઠળ ઓછી આવક ધરાવતા કુટુંબોને દર મહિને આર્થિક સહાય આપવામાં આવે છે. આ માટેના ફોર્મ ભરવા એ શરમજનક બાબત ઘણા લોકો માને છે અને ઘણીવાર સગાવ્હાલા કે કુટુંબીજનો પણ આ માટેના ફોર્મ ભરવા માટે મંજુરી નથી આપતાં. એ લોકોને જણાવવાનું કે બાલાસિનોરનો સમગ્ર સમાજ એક વિશાળ કુટુંબ છે. કુટુંબનો એક સભ્ય ઓછું કમાતો હોય તો બીજો સભ્ય મદદ કરે એમાં કશું ખોટું નથી. આજે તમે ઓછું કમાતા હોય કાલે નસીબનું પાનું ફરે અથવા છોકરાઓ ભણી ગણીને કમાતા થાય તો તમે પણ બીજાને મદદરૂપ થવાના જ છો. આ બધી અરસપરસની બાબત છે. પ્રગતિ સમાજ આપનાર દાતા અને લેનાર જરૂરિયાતમંદ વ્યક્તિઓ વચ્ચે એક કડી રૂપ વ્યવસ્થા છે. જેથી આપનારને અભિમાન ન આવે અને લેનારને સંકોચ ન થાય. તો જરૂરિયાતમંદ કુટુંબોને જો આ મોંઘવારીમાં આર્થિક મુશ્કેલી પડતી હોય તો કોઈ પણ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય આર્થિક રાહત યોજના માટે ફોર્મ ભરવા અથવા અંગત રીતે સંયોજકને આ વિશે જણાવવા વિનંતી છે.

**(૩) પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ યોજના :** બાલાસિનોરના યુવાનો દરેક ક્ષેત્રમાં ફેલાયેલા છે. કોઈ કોઈ કંપનીમાં CEO છે તો કોક C.A. છે. કોક ડૉક્ટર છે તો કોક મોટી કંપનીમાં Executive છે પણ યુવાનો બાલાસિનોર સમાજથી વિમુખ થયા છે. આપણા સમાજને કે મંડળોને એમની હોંશીયારીનો એમના નવા વિચારોનો લાભ મળતો નથી. તેઓ જ્યોતિપુંજ પણ વાંચતા નથી. આવા યુવાનોને ફરીથી મળવાનો એમની સાથે નાતો જાળવી રાખવાનો મોકો લેવા આ પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ યોજના હેઠળ વિવિધ સેમીનારનું આયોજન કરવામાં આવે છે. આવા યુવાનોના મા બાપને ખાસ વિનંતી કે વિના સંકોચે આપના દીકરા દીકરીઓના ઈમેઈલ એડ્રેસ અમને મોકલો અને તેઓને આ યોજના હેઠળ યોજાતા સેમીનારમાં ભાગ લેવા માટે વિનંતી કરો. ફરીથી એમને બાલાસિનોર સમાજ સાથે જોડવામાં અમારી મદદ કરો. અમારું ઈમેઈલ એડ્રેસ છે balasionr.pragatisamaj@gmail.com

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ વતી**
**પ્રમુખ – પંકજ ધારીઆ**
**મંત્રી – નિમિષ કડકીઆ, દક્ષેશ કડકીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
# નોટબુક યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

કોલેજ (લોંગબુક) ૧૯૨ પેજ એક ડઝનના રૂા.૯૦/- જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૬૦/- આ વેચાણ તા. ૨૩.૫.૨૦૧૦ રવિવારથી તા. ૩૦-૫-૧૦ રવિવાર સુધી રાખવામાં આવેલ છે.

**શહેર વિભાગ :**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦, અરદેશ દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪
**સમય :** સોમવાર થી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦

**પરા વિભાગ :**

(૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) : સી, ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૩
**સમય :** રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) પરીખ હીરાલાલ મણીલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાસ નગર, શંકરગલી, કાંદિવલી (વેસ્ટ)
**સમય :** સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) દોશી અજય પ્રવીણચંદ્ર : ડી/૧૨ નવશીલ્પવાની લલ્લુભાઈ પાર્ક રોડ, એક્ષટે-૧, અંધેરી (વે), મુંબઈ -૫૮
**સમય :** સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

**નોંધ :–** ચાલુ વર્ષે આપેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલાના ધોરણે નોટબુક આપવામાં આવશે.

**– મંત્રી મંજુલ ધારીયા, સંયોજક – દીક્ષિત પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૫-૫-૧૦ થી ૩૦-૫-૧૦ સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ–** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૩૦-૫-૧૦ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે.

**સમય** - ૧૦ થી ૧ જુના અરજી પત્રકો તથા તેમની ઝેરોક્ષ કોપી સ્વીકારવામાં આવશે નહીં નવા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

**– મંત્રી મંજુલ ધારીયા, સંયોજક – દીક્ષિત પરીખ**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો કાર્યક્રમ તા. ૫-૨-૧૦ને શનિવારે પ્રેમપૂરી આશ્રમમાં પુષ્ટિ માર્ગીય કવીઝ અને આરતીની હરીફાઈ નો કાર્યક્રમ રાખેલો, આ કાર્યક્રમ માટે મહિલા વિભાગ સુરેખાબેનનો હૃદયપૂર્વક આભાર માને છે. તેમના સહયોગ તેમજ સહકારથી ગોપિસબાવા ને પધરાવ્યા હતા. પહેલા તેમને સૌને પ્રશ્નપત્ર આપી બે જણા સાથે મળી જવાબ લખવાના હતા.

ત્યારબાદ ગુંસાઈજીના જુદા જુદા પ્રસંગો ઉપર CD બતાવી હતી તેના પણ પ્રશ્નપત્ર આપેલા હતા તેના જવાબ ઘેરથી લખવાના હતા. પહેલી હરીફાઈમાં કુલ પાચ ઈનામો આપ્યા હતા.

પહેલું ઈનામ - અંજુબેન ગાંધી તથા શીલ્પા લાકડાવાળા

બીજુ ઈનામ– પૂર્ણીમાં પરીખ તથા અમી ધારીયા

ત્રીજુ ઈનામ - ચંદ્રા પરીખ

ચોથુ ઈનામ - ભારતીબેન પરીખ તથા વિદુલાબેન કડકીયા

પાચમું ઈનામ - અશ્વીનાબેન મોદી

આરતી ની હરીફાઈના ત્રણ ઈનામ આપ્યા હતા.

પહેલું ઈનામ - શીલ્પા ઉર્વીશ મોદી

બીજુ ઈનામ - અસ્મીતા બીપીન મોદી

ત્રીજું ઈનામ - પ્રતીક્ષા રીપલ ગાંધી

આ કાર્યક્રમ નવીન પ્રકારનો હતો. આ કાર્યક્રમ બધાને ખુબજ ગમ્યો હતો. CD ચલાવવામાં તકલીફ પડી હોવાથી હાજર સહુને શ્રી બાવાશ્રીના મધુર વચનામૃતનો અણધાર્યો લાભ મળ્યો હતો.

## મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ

તા. ૨૮-૪-૧૦ બુધવાર, **સ્થળ :-** મોરારબાગ, સમય ૨.૩૦ વાગે, રાખવામાં આવ્યો છે. એપ્રીલ મહીનો અધીક મહિનો હોવાથી ઠાકોરજીના બારે માસના ઉત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં ગ્રુપ બનાવીને અને કયા ઉત્સવ પર તમે રાસ, ગરબા, કિર્તન કે તેના સંવાદો પર તમે પોગ્રામ આપી શકો છો. તેના ગ્રુપ તથા ઉત્સવના નામ તમારે નિલમ પરીખ નો આપવાના રહેશે.

જેના પાસ તા. ૨૧-૪-૧૦ બુધવારે રૂા. ૨૦/- આપીને સંસ્થાની ઓફિસથી મેળવી લેવા તેની સાથે લવાજમ ૨૦૧૦નું રૂા. ૧૦૦/- ભરવાનું રહેશે. સમય ૩ થી ૪ ની વચ્ચે તેની નોંધ લેવા વિનંતી.

**સંયોજક - નિલમ પરીખ - ૯૮૬૯૭૫૪૯૧૬**

## ઠાકોરજીની કૃપા

મેરે માર્ગ પર પેર રખ કર તો દેખ,
તેરે સબ માર્ગ ખોલન દૂ તો કહના.
મેરે લિયે ખર્ચ કર કે તો દેખ,
કુબેર કે ભંડાર ખોલ ન દૂ તો કહના,
મેરે લિયે કડવે વચન સૂન કર તો દેખ,
તુ જ પર મેરી કૃપા ન બરસે તો કહના,
તુજે મુલ્યવાન, ન બના દુ તો કહના.
મેરે ચરિત્રો કો મનન કરકે તો દેખ,
જ્ઞાન કે મોતી તુજ મે ભર ન દૂતો કહના.
મેરે લિયે આસું બહા કે તો દેખ,
મેરે લિયે કુછ બન કર તો દેખ,
તુ જે કિંમતી ન બના દૂતો કહના.
મેરે માર્ગ પર નિકલ કર તો દેખ,
તુજે શાંતિદૂત ન બના દૂતો કહના.
તૂ મુજે હર પલ યાદ કર કે તો દેખ,
તેરે વિચાર પવિત્ર ન કર દૂતો કહના.
તુ દુખિયો કી સેવા કરકે તો દેખ,
તેરે મન મે શાંતિ ન ભર દૂ તો કહના.
તુ મુજે અપને ઘરમેં બિઠા કે તો દેખ,
તેરા ઘર સ્વર્ગ ન બના દૂતો કહના.
તુ મેરે ચરણકી રજ કો સર પે લગા કે તો દેખ
તુ જે દિવ્યતા અર્પણ ન કર દૂ તો કહના.
તુ પ્રસાદ ગ્રહણ કરકે તો દેખ,
તેરે ઘર મે અન્ન કે ભંડાર ન ભર દૂતો કહના.

**– કુંજુ હેમેન્દ્ર શાહ**

## કોણ કોને છેતરી ગયું,

એતો શ્રીજીનેજ ખબર!
છેલ્લે અમે ભેટયા, છૂટા પડવા કાજે,
શ્રીજી, આ રમત માનવી શું સમજી શકે ?
જુદાઈનો અણસાર તેં કરાવી દીધો,
છેલ્લે હસાવી, તું સૌને રડાવી ગયો.
હવે મનને મનાવવું જ રહયું !
શ્રધ્ધાંજલિ ના શબ્દો ઘણાજ ઓછા પડે.
પ્રભૂ, એના આત્માને શાંતિ અર્પે.
શાંતિ ઓમ શાંતિ

મિત્ર કીર્તનલાલ મણીલાલ મોદી (લોજવાળા)ને શ્રધ્ધાંજલી

**– ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## 'એકલતા ને શેષજીવન'

મનને એકલતા' ભાવી ગઈ.
વર્ષો જુની પ્રિત પાછી મળી.
પ્રેમ કેવો ને પ્રિત કેવી,
જાણે નર નારીની એક જોડી.

પ્રેમ કદી પૂર્ણ થતોજ નથી,
અધૂરા ઘડા કેમ છલકાયાજ કરે !
અઢી અક્ષર (પ્રેમ)ની મસ્તી દીલનેજચી ગઈ,
બાકીની જીંદગી સરળ બની ગઈ.

સંસાર કેરા માનવીઓથી દૂર,
(સંસાર) ભોગવ્યા પછીનો વનવાસ,
કરેલા કર્મોનું હિસાબ માંગતું,
ભોગવ્યા વગર છૂટકોજ નથી.
શ્રીજી જોડે પ્રિત બાંધી, એને જ તું બાંધી લેજે.
તેજ તારકને તેજ તારણહાર,
અંત સમયનો બેલી પણ તેજ !
'શેષજીવન' પ્રભુમય બનાવી દેજે.

**– ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## ચાલી ગઈ !

મારા પ્રેમની મંઝિલ મને મળી હતી,
પણ તું તો રસ્તો ભુલી ગઈ !
જિંદગી ભર સાથ નિભાવવાનું કહી,
અંજાન બની ચાલી ગઈ !
જીવનમાં ઘણા અરમાન જગાડી મને,
તું તો સપનાઓ દેખાડી ચાલી ગઈ !
સાથે જિંદગી જીવવાનું વચન આપનારી
તું તો યાદોના સહારા પર છોડી ગઈ !
સાચા હૃદયથી તુજને સ્વીકારી હતી
તુ તો એજ હૃદયની ધડકન લઈને ચાલી ગઈ !
પ્રેમના સાગરમાં મને ડુબાડીને.
તુ તો ઈશ્વરની નાવમાં ચાલી ગઈ !

**– શીરીષ જ. પરીખ**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ હીરક જયંતી પર્વ ભંડોળ માટે અપીલ

આપણા દાનશૂરા દાતાઓએ સુંદર પ્રતિસાદ આપી અમારાં સાત પગલાં પૂરાં કરી આપ્યાં છે. દૂરી ફક્ત ત્રણ પગલાંની જ રહી છે. તમે સૌ એ પૂરી કરી આપશો જ એવી શ્રધ્ધા છે.

મંડળના કાર્યકર્તાઓ, ભંડોળ સમિતિના સંયોજક શ્રી પ્રવીણભાઈ ઓ. દેસાઈ (દેડકી)ની રાહબરી હેઠળ આપ સૌનો સંપર્ક કરી રહ્યા છે. વતન વાડા સિનોરનાં યજ્ઞમાં તમારું યોગદાન આપવાનો અવસર રખે ચૂકતા !

**૨૫-૫૦ વર્ષે કરેલ ભંડોળ બાદ દસ વર્ષ પછી અમે ટહેલ નાખી છે. અમારી ઝોળીને છલકાવી દેજો.**

દાન આપનાર સૌ દાતાઓનો આભાર.

બાલાસિનોર - તા. ૨૦-૩-૧૦ **આપનો - પ્રવીણ દેસાઈ પ્રમુખ**

## શિક્ષણ માટે આપેલું દાન અમૂલ્ય છે

ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ પ્રાથમિક શાળાના મકાનનું ખાત મુહૂર્ત તા. ૪-૩-૧૦ના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ ના સમય દરમિયાન, શ્રી પ્રવીણભાઈ ઓ. દેસાઈ (દેડકીના) હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમના ભાઈઓ તથા અન્ય કુટુંબીજનો મુંબઈના બાલાસિનોરના વતનીઓ તથા સ્થાનિક નાગરિકો, પત્રકાર બંધુઓ વગેરે ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા. નવા મકાનના નિર્માણનું કામ શરૂ થઈ ગયું છે.

**શ્રી બાલાસિનોર કેળવણી મંડળ**

# હીરક પર્વ (૬૦ વર્ષ) પ્રસંગે

## જાહેર થયેલા દાન માટેના વચનોની યાદી

**માર્ચ મહીનાનાં અંકમાં આપેલી યાદી પછી આજ પર્યંત પ્રાપ્ત થયેલા નવા વચનો નીચે મુજબ છે. (અગાઉના ૬૭ લાખ)**

| | | | |
|---|---|---|---|
| (૧) | તરૂબેન તથા પ્રફુલ્લ ઓ. શેઠ | રૂા. ૫,૦૦,૦૦૦ | પ્રાથના હોલ માટે |
| (૨) | કુસુમબેન અને બાબુલાલ ચુ.કડકીઆ (મલમ) | રૂા. ૨,૫૦,૦૦૦ | રૂમના નામ માટે |
| (૩) | કુસુમબેન અને બાબુલાલ ચુ. કડકીઆ (મલમ) | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૪) | તારાબેન શાંતીલાલ છો.કડકીઆ હ. રાજેશભાઈ | રૂા.૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૫) | વિનીત તથા ઉર્વીશ રસીકલાલ સામોદી (દેવ) | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૬) | નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ (બખલી) | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૭) | સુધીર ચીમનલાલ ધારીઆ | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૮) | ગોપાલદાસ ભીખાલાલ પરીખ (અધોળી) | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૯) | રસીકલાલ રમણલાલ કડકીઆ (આર.આર.) | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૧૦) | નટવરલાલ ચંદુલાલ મોદી (એમ.સી.મોદી) | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૧૧) | જીવકોરબેન ચીમનલાલ શાહ (હાથી ખાનાવાલા પરિવાર) | રૂા. ૧,૦૦,૦૦૦ | સાધન દાન માટે |
| (૧૨) | વિધાન સભ્યની ગ્રાંટમાંથી માનસીંહભાઈ ચૌહાણ વિધાન સભ્ય | રૂા. ૭૫,૦૦૦ | બોરવેલ અને મોટર માટે |
| (૧૩) | નીતીન નટવરલાલ દેસાઈ (નાગર) | રૂા. ૨૫,૦૦૦ | |
| (૧૪) | કૌશીક શાંતીલાલ શાહ (ચોકસી) | રૂા. ૨૫,૦૦૦ | |
| (૧૫) | મયંક રજનીકાંત કડકીઆ (ટીનુ - ચોકસી) | રૂા. ૨૫,૦૦૦ | |
| (૧૬) | રમેશભાઈ કાંતીલાલ મોદી (શહેરાવાળા) | રૂા. ૧૧,૦૦૦ | |
| (૧૭) | જયંતિલાલ મગનલાલ પટેલ (ડેરીવાળા ) | રૂા. ૧૧,૦૦૦ | |
| (૧૮) | જસંવતભાઈ દામોદરદાસ શાહ (યમુના મશીનરી) | રૂા. ૧૧,૦૦૦ | |
| (૧૯) | મનુભાઈ ચીમનલાલ શાહ (ચાવાળા) | રૂા. ૧૧,૦૦૦ | |
| (૨૦) | બાબુલાલ ધુળાભાઈ પટેલ | રૂા. ૫,૧૦૦ | |

# કચેરીયા મોજીલાલ ગોરધનલાલ જનરલ હોસ્પિટલ

## શ્વાસના રોગોનો નિદાન કેમ્પ

હોસ્પિટલમાં શ્વાસના રોગોનો નિદાન કેમ્પ તા. ૨૩-૧-૧૦ના રોજ યોજવામાંા આવેલ. આ કેમ્પમાં ડૉ. વિમલભાઈ પી. પટેલે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૬૨ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૫૮ દર્દીઓ તપાસેલા. આ કેમ્પમાં બધાજ દર્દીઓના પી.એફ.ટી. ટેસ્ટ ડૉકટર વિમલ પટેલે ફ્રી કરેલા. આ કેમ્પમાં કુલ રૂા. ૩૯૦૦/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

## શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ
## - ડાયાબિટીસ નિદાન કેમ્પ -

કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં તા. ૭-૩-૧૦ના રોજ શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજનામાં આવેલ જેમાં આણંદના ફીજીશીયન ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓશ્રીના ડૉકટરોની ટીમ સાથે આવેલા. આ કેમ્પમાં કુલ ૧૮૯ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૧૮૨ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ, ૨૨ ઈ.સી.જી. તથા ૧૬૩ દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા. ૨૦૨૮૦/-ની માફી કરવામાં આવેલ.

હવે આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૧૩-૬-૧૦ના રોજ યોજવામાં આવશે.

## અપર જી.આઈ.એન્ડોસ્કોપી નિદાન કેમ્પ

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૭-૩-૧૦ના રોજ એન્ડોસ્કોપી નિદાન કેમ્પ યોજવામાં આવેલ જેમાં વડોદરાના નિષ્ણાત ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ ડૉ. ચિરાયુ એમ. ચોકસીએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૩૭ દર્દીઓ નોંધાયેલા અને તે પૈકી જરૂરીયાત વાળા ૧૯ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

## સર્વ રોગ નિદાન કેમ્પ

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૭-૩-૧૦ના રોજ સર્વરોગ નિદાન કેમ્પ આણંદના અશ્વિની મેડીકલ સેન્ટરના ડૉ. ગીરીશ મિશ્રા, ડૉ. તરૂણ શર્મા તથા ડૉ. જયેશ ભટ્ટ દ્વારા યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૯૨ દર્દીઓ નોંધાયેલા અને તપાસેલા તે પૈકી જરૂરીયાતવાળા ૪૯ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

ઉપરના ત્રણેય કેમ્પમાં પ્રમુખશ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી વસંતભાઈ પરીખ, મંત્રીશ્રીઓ શ્રી ધીરૂભાઈ શેઠ તેમજ કારોબારી સભ્યોશ્રી નિતીનભાઈ જે. પરીખ (બખલી), શ્રી નિતીનભાઈ ગાંધી, શ્રી પરેશભાઈ પરીખ એ ખાસ આ કેમ્પમાં હાજરી આપી હતી તેમજ આ કેમ્પમાં સ્થાનિક સભ્યોશ્રી વિપીનભાઈ ઓ. મોદી, શ્રી કીરતનભાઈ પારેખ, શ્રી રાવજીભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈ શાહ, શ્રી મયંકકુમાર ચોકસી તથા શ્રી હાજી અબ્દુલ મુનાફભાઈ શેખ હાજર રહેલા.

## તેરમી નટવરલાલ સાંકરલાલ શાહ (ઝાટ) ચશ્મા શિબિર

ચાલુ વર્ષે બાલાસિનોર તાલુકાના બે ગામો અનુક્રમે ઓથવાડ અને કઢૈયા મુકામે અનુક્રમે તા. ૬-૩-૧૦ અને ૭-૩-

૧૦ના રોજ ચશ્મા શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં મફત આંખ તપાસીને આંખના નંબર કાઢીને મફત ચશ્મા અનુક્રમે ૪૩૩ તથા ૩૧૧ મળીને કુલ ૭૪૪ ચશ્માનું વિતરણ કરવામાં આવેલ. આ કેમ્પમાં મુંબઈ ની કે મનોહર એન્ડ કંપની આવેલી હતી.

## દસમો શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથ-પગ (જયપુર ફુટ) કેમ્પ :-

હોસ્પિટલમાં તા. ૨૬-૩-૧૦ના રોજ આ કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાત હાંડકાના સર્જન ડૉ. મનિષભાઈ શાહે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૨૬ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી કુલ ૧૮ દર્દીઓને વિના મૂલ્યે કૃત્રિમ હાથપગ અને (જયપુર ફુટ) આપવા માટેના માપ લેવા માટે અમદાવાદના ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્રમાંથી બે ટેકનીશીયનો રૂબરૂ આવેલા અને ૧૮ દર્દીઓના માપ લીધેલા. આ તમામ દર્દીઓને કૃત્રિમ હાથ પગના ટ્રાયલ લેવા માટે હોસ્પિટલની એમ્બયુલન્સ વાનમાં અમદાવાદ ખાતે ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્ર વાસણા ખાતે આગામી તા. ૧૧-૪-૧૦ના રોજ લઈ જઈને ટ્રાયલ લઈને ફ્રી વિતરણ કરવામાં આવશે.

## બ્લડ ડોનેશન કેમ્પ :-

બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલ સંચાલિત શ્રી જંયિતલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ સ્ટોરેજ સેન્ટરના લાભાર્થે બાલાસિનોર નગરની તથા આસપાસની જનતા જનાર્દનના હિતાર્થે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોર શાખાના સંયુક્ત ઉપક્રમે નગરની સેવાભાવી સંસ્થાઓ જેવી કે. (૧) કે.એમ.જી જનરલ હોસ્પિટલ, બાલાસિનોર (૨) આયુર્વેદીક, હોમીયોપેથીક, મેડીકલ એસોશીએશન (૩) જે.સી.આઈ. બાલાસિનોર (૪) લાયન્સ/લાયોનેસ કલબ બાલાસિનોરના સૌજન્યથી તા. ૨૮-૩-૧૦ને રવિવારના રોજ સવારના ૯ થી ૧ દરમ્યાન કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ ૧૬૩ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. કે.એમ.જી. જનરલ હોસ્પિટલ તરફથી દરેક બ્લડ ડોનરને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, નડીયાદ સંચાલિત બ્લડ બેંકનો સહકાર મળેલ છે.

## શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાંત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પ –

હોસ્પિટલમાં દાતાના નામકરણ બાદનો બીજો કેમ્પ આગામી તા. ૭-૪-૧૦ને બુધવારના રોજ યોજવામાં આવેલ છે. આ કમ્પમાં કપડવંજના ખ્યાતનામ બાળરોગ નિષ્ણાત ડૉ. જગદીશ એન શાહ (એમ.ડી.ડી.પેડ) સેવાઓ આપશે.

## સર્વરોગ નિદાન કેમ્પના નામકરણના દાતા–

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં 'સર્વરોગ નિદાન કેમ્પ'ના નામકરણ માટે તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ' તરફથી રૂા. ૧૧,૧૧,૦૦૦/-ના માતબર દાનનું વચન મળેલ છે. દાતાશ્રીનો સંસ્થાના હોદેદારો ખૂબ ખૂબ આભાર માને છે.

**– મંત્રીશ્રીઓ શ્રી ધીરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્ર દેસાઈ**

### શ્રી ગોકુલેશ જંયતી

## બાલાસિનોર ફગવા ઉત્સવ

આ વર્ષે ફાગણ સુદ નોમ ને તા. ૨૩-૨-૧૦ શ્રી ગોકુલેશનાથજી મંદિર બાલાસિનોર ફગવાના મનોરથી ગો.વા. મણીલાલ છોટાલાલ શાહ પરિવાર હતા.

પ.પૂ. ગિરિરાજ શાસ્ત્રીજી (વડોદરાવાળા)નું મહાપ્રભુજીની ૮૪ બેઠકજી ચિત્રદર્શનનું આયોજન કર્યું હતું. તા. ૧૫-૨-૧૦ થી ૨૧-૨-૧૦ તેમજ રાત્રે ૨૦-૨-૧૦ સંગીત સંધ્યા અને દાંડિયા રાસ.

૨૧-૨-૧૦ શાહ પરિવાર તરફથી વ્રજ ઉત્સવની નૃત્ય નાટિકા અને બસો બાવન વૈષ્ણવ પૈકી કિશોરી બાઈની વાર્તાનું નાટક રાખ્યું હતું. ૨૨-૨-૧૦ હોળીના રસિયા તથા કિર્તનીયા અને સૌરાષ્ટ્ર ગુજરાતના ફોક ડાન્સનો પોગ્રામ રાખ્યો હતો. ૨૩-૨-૧૦ મંગળવારે સવારે ૧૦ કલાકે ગોકુળનાથજી મંદિરેથી બગીચે ઠાકોરજી ખેલવા પધાર્યા હતા. અને સાંજે વાજતે ગાજતે મંદિરે પરત પધાર્યા હતા. શોભાયાત્રામા (મહાપ્રભુજીનો વિધાનગરમાં હમ્થી પાસે દિગ વિજય થયો હતો તે હેતુથી હાથી દ્વારા દિગવિજયનું દર્શન કરાવ્યું હતું.) હાથી સાથે ઘોડા પણ હતા. હિંમતનગરથી બેન્ડ વાળા. સૌરાષ્ટ્રથી ફોક ડાન્સરો આવ્યા હતા. પરમ પૂજ્ય પાદ શ્રી ૧૦૮ શ્રી તચુર્થપીઠ શ્રી રાજકુમાર શ્રી વિઠ્ઠલબાવા શ્રી વડોદરાથી પધાર્યા હતા. ઠાકોરજીની પાલખીને લોકો ફૂલોથી વધાવતા હતા. ફટાકડા અને સાંજે ગુલાલથી એવુ લાગતુ હતુ કે આભે ગુલાબી સાડી ઓઢી હોય. આ શોભાયાત્રામાં ત્રણથી ચાર હજાર વૈષ્ણવોએ લાભ લીધો હતો. આ સાથે ધર્મશાળામા તા. ૧૫-૨-૧૦ થી ૨૪-૨-૧૦ સુધી સવાર સાંજ જમવાની વ્યવસ્થા કરી હતી. અને ૨૩-૨-૧૦ ફગવાની વાડીમાં પ્રસાદની વ્યવસ્થા કરી હતી. બાલાસિનોર ફગવાના મનોરથી શાહ પરીવારને ૧૫-૨-૧૦ થી ૨૪-૨-૧૦ ના સર્વ માંગલિક પ્રસંગોમાં જે કોઈએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ અને સહકાર આપીને સર્વ પ્રસંગોને દૈદીપ્યમાન બનાવ્યા એ બદલ સર્વનો હૃદયપુર્વક આભાર માને છે.

## અભિમાન

બૂંદ દો બૂંદ નહીં
ઘુંટ દો ઘુંટ નહીં
જામ પર જામપિયો
રોજ દો રોજ નહીં
રોજ સુબહ શામ પિયો
દેતા રહે સાકી તો
ઉમ્રે તમામ પિયો
સભી મૈકશ હૈં યહાં
છિપના છિપાના કૈસા
દુનિયા સારી હૈ મૈખાના
સરે આમ પિયો
કૈદ પીને કી નહીં
પીના કોઈ જુર્મ નહીં.
લેકિન પીકર કે બહકજાના
બુરી બાત હૈ.

મારી આ રચનામાં કોઈ જાત ની મંદિરા ના જામ પીવાની વાત નથી. આ તો સુખના જામ પીવાની વાત છે. અને તે સુખની મદિરાના જામ આપનાર સાકી છે. ઈશ્વર જો ઈશ્વર આપે તો આજીવન તે સુખઃ મદિરા ના જામ પીતા રહો તેની મનાઈ નથી. પણ તે સુખનો નશો ચઢે અને અભિમાન આવે તે ખોટું છે.

**– બી.એસ. ગાંધી – કાનપુર**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે શૈક્ષણિક સહાયની મંડળની રજૂઆતના અનુસંધાનમાં સ્વ. બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)ના પુત્રો શ્રી વિપુલભાઈ તેમ જ શ્રી સમીરભાઈ તરફથી - માટે રૂા. ૧૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા અગિયાર લાખ પુરા)નું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.

દાતાશ્રીની ઈચ્છાનુસાર આ યોજના 'શ્રીમતી કુસુમબેન તથા શ્રી બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) પરિવાર ના નામે ઓળખાશે.

મંડળની કાર્યવાહક સમિતિના સર્વે સભ્યો તેમ જ ટ્રસ્ટીગણ ઉપયુક્ત સૌજન્યતા બદલ દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે.

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન ઉપયુક્ત મંડળને શ્રી નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી) તરફથી શ્રીમતી મધુરીબેન અને શ્રી નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી) ના નામે રૂા. ૧૦૦,૦૦૦/-નું ન્યાસફંડ પ્રાપ્ત થેયલ છે.

આ ન્યાસફંડના વ્યાજની આવકમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવશે.

આ ઉપરાંત શ્રી ભરત રતિલાલ દેસાઈ તરફથી લગ્ન પ્રસંગે રૂા. ૨૫,૦૦૦/-નું દાન મળેલ છે.

ઉપયુક્ત દાનવચન બદલ મંડળની કારોબારીના સભ્યો તેમજ ટ્રસ્ટી ગણ દાતાનો હાર્દિક આભાર માને છે.

**– કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)**
**– શરદ નટવરલાલ દેસાઇ – માનદ્ મંત્રીઓ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

સંચાલિત

## વિવિધ શૈક્ષણિક યોજનાઓ અને ટેલેન્ટ એપ્રિશિયેશન સ્કીમ

## દાતાઓને અપીલ

મંડળ સંચાલિત ૭ પૈકી ૩ યોજનાઓ પોતાની ઓળખ માંગે છે.

આપના કે આપનાં પ્રિયજનનાં ના આપી ભવિષ્યનાં દાતાઓનાં ઘડતરમાં સહભાગી બનો.

શિક્ષણનો પ્રસાર, પ્રગતિનો આધાર

દાતાઓને આવકારતી યોજનાઓ

| **ક્રમ** | **યોજના** | **ભંડોળ** | **દાતા/પુરસ્કર્તા** |
|---|---|---|---|
| ૧ | Primary Education Scheme | Rs. ૭,૫૦,૦૦૦ | દાતા/ પુરસ્કર્તા નથી |
| ૨ | Higher Education Scheme | Rs. ૧૧,૦૦,૦૦૦ | દાતા/ પુરસ્કર્તા નથી |
| ૩ | Post Graduate Education Scheme (Bachelor's Degree Course) | Rs.૭,૫૦,૦૦૦ | દાતા/ પુરસ્કર્તા નથી |

## પુરસ્કૃત યોજનાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | Secondary Education Scheme (Std. V toX) | Rs. ૭,૫૦,૦૦૦ | શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ તથા શ્રી સચીન છબીલદાસ શેઠ |
| ૨ | Oerseas Education Scheme | Rs.૧૫,૦૦,૦૦૦ | ગિરિપુજા કોકિલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકિઆ(વલ્લભ ઘેલા) |
| ૩ | Talent Appreciation Scheme | Rs. ૧૦,૦૦,૦૦૦ | શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિઆ તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિઆ |
| ૪ | Graduate Education Scheme (Bachelor's Degree Course) | Rs. ૧૧,૦૦,૦૦૦ | શ્રીમતી કુસુમબેન તથા શ્રી બાબુલાલ ચુનીલાલ કડકિઆ (મલમ) પરિવાર |

**પ્રમુખ - રસીકલાલ મણીલાલ લાકડાવાલા**

**મંત્રી - કીર્તિ રમણલાલ કડકીઆ (મલમ), શરદ ધારીઆ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

ઉપરોક્ત મંડળમાં તા. ૫-૧૧-૨૦૦૬ બાદ રૂા. ૧,૦૦,૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન વચન મંડળ તેમજ બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટને આપનાર સન્માનીય સખાવતી દાતાઓનો એક સન્માન સમારંભ રવિવાર તા. ૧૩ જૂન , ૨૦૧૦ના દિવસે સવારના ૯ કલાકે રામા વાટુમલ હોલ, કે.સી.કોલેજ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦ ખાતે આયોજિત કરે છે. સમસ્ત જ્ઞાતિજનોને જાહેર નિમંત્રણ છે.

સન્માનીત સખાવતી દાતાઓ

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

| | |
|---|---|
| ૧. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી લિ. | રૂા. ૩,૦૦,૦૦૦ |
| ૨. શ્રી વિનીત નટવરલાલ દેસાઈ (દેડકી) | રૂા. ૧,૫૨,૦૦૦ |
| ૩. સુલોચનાબેન બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) કાશ્મીરાબેન બાબુલાલ પરીખ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૪. કોકિલાબેન નવિનચંદ્ર પરીખ, શ્રી નવીનચંદ્ર કોદરલાલ પરીખ (કોદરઝવર) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૫. શ્રીમતી સરલાબેન નવનીતલાલ દેસાઈ (દેડકી) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૬. સરલાબેન સતીષચંદ્ર પરીખ (રોકડીઆ) શ્રી પરાગ સતીશચંદ્ર પરીખ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૭. શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ કડકિઆ શ્રી રસિકલાલ રમણલાલ કડકિઆ (R.R.) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૮. શ્રી બાબુલાલ મણીલાલ કડકિઆ (વલ્લભઘેલા) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૯. શ્રી મધુસુદન ભીખાલાલ કડકિઆ (ફાડિઆ) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૧૦. શ્રીમતી પ્રમિલાબેન રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) શ્રી સમીર રમેશચંદ્ર દેસાઈ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૧૧. તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકિઆ શ્રી રાજેશ શાંતિલાલ કડકિઆ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૧૨. ડૉ. ચીમનલાલ સાંકરલાલ દેસાઈ (સોજીત્રાવાળા) પ્રોફ.ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૧૩. શ્રીમતી મંજુલાબેન કાંતિલાલ લલ્લુભાઈ કડકિઆ શ્રી કૌશિકભાઈ તથા શ્રી અજયભાઈ કાંતિલાલ કડકિઆ | રૂા. ૨,૫૦,૦૦૦ |
| ૧૪. શ્રીમતી મધુબેન નટવરલાલ પરીખ (જાડા) શ્રીમતી દીપ્તી નલીન પરીખ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૧૫. શાંતાબેન નટવરલાલ ધારિઆ (બલબલ) શ્રી તુષાર નટવરલાલ ધારિઆ (બલબલ) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૧૬. શ્રીમતી પદ્માબેન પ્રવિણચંદ્ર દેસાઈ (દેડકી) શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ૧૭. કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી) | રૂા. ૧,૦૦,૦૦૦ |

૧૮. શ્રી મોહનલાલ દેવ ચેરીટેબલ ટ્રસ્ટ શ્રી કિરીટ મોહનલાલ મોદી (દેવ) રૂા. ૨,૫૦,૦૦૦

૧૯. કાંતિલાલ ચુનીલાલ ધારિઆ (બલબલ) શ્રી જગદીશભાઈ તથા શ્રી અશ્વિન કાંતિલાલ ધારિઆ રૂા. ૧,૦૧,૧૧૧

૨૦. તારાબેન નટવરલાલ મોદી (શહેરાવાળા) શ્રી દિનેશ નટવરલાલ મોદી રૂા. ૧,૦૦,૦૦૦

## શૈક્ષણિક રાહત યોજનાનાં દાતાઓ

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

૧. 'Secondary Education Scheme' (std. V to Std X)

શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ શ્રી સચીન છબીલદાસ શેઠ રૂા. ૭,૫૦,૦૦૦

૨. શ્રીમતી કુસુમબેન તથા શ્રી બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) પરીવાર

'Graduate Education Scheme'(Bachelor's Degree Course) રૂા. ૧૧,૦૦,૦૦૦

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

૧. 'Overseas Education Scheme' ‘ગિરીપુજા કોકિલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ

બીન ચુનીલાલ કડકિઆ (વલ્લભઘેલા) રૂા. ૧૫,૦૦,૦૦૦

૨. Talent Appreciation Scheme' શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિઆ તથા

શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિઆ (ખીસાદાર) રૂા. ૧૦,૦૦,૦૦૦

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત
## વસ્ત્રીપત્રક ૧૦મી આવૃતીનું વિતરણ

વસ્તીપત્રકની ૧૦મી આવૃતીનું વિતરણ ફક્ત મંડળની ઓફિસમાંથી ૪ થી ૮ દરમ્યાન મળશે. કુટુંબ દીઠ મેમ્બરને ૧ વસ્તીપત્રક મળશે. – સંયોજક - જસ્મીન શેઠ

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. – તંત્રી નિખિલ પરીખ – મંત્રી મંજુલ ધારીઆ

# શ્રી મદન મોહનજી મંદિર બાલાસિનોર

ઉપરોક્ત મંદિરમાં બાલાસિનોરના ઈતિહાસમાં પ્રથમ વખત છપ્પન ભોગનો મનોરથ તા. ૨૧-૨-૧૦ના રોજ શ્રીમદ્ ગોસ્વામિ રાજકુમાર ૧૦૮ પ.પૂ.શ્રી વલ્લભબાવાશ્રીની આજ્ઞા અને આર્શિવાદથી ઉજવવામાં આવ્યો. બપોરના ૨.૧૫ થી સાંજના ૬.૧૫ સુધી આશરે ૩૫૦૦ વૈષ્ણવોએ દર્શનનો લાભ લીધો. દર્શને આવતા દરેક વૈષ્ણવને પ્રસાદ આપવામાં આવ્યો હતો. કરવામાં આવેલી વ્યવસ્થા મુજબ સૌએ શિસ્તબદ્ધ દર્શન કરી સહકાર આપ્યો હતો.

પ.પૂજ્ય શ્રી વલ્લભબાવાશ્રીનું નિશાળના ચોક ખાતે સવારે નવ કલાકે આગમન થયા બાદ શોભાયાત્રા દ્વારા ગોલવાડની શેરીના નાકે આવી તેમના વરદ હસ્તે, નગરપાલિકાના પ્રમુખ અને અન્ય હોદેદારોની, બાલાસિનોરના વૈષ્ણવો અને નાગરિકોની ઉપસ્થિતિમાં ગોલવાડ શેરીના બદલે 'મદન મોહનજી મંદિર માર્ગની નામકરણ વિધિ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ વખતે મંદિરના ટ્રસ્ટીઓની હાજરી ધ્યાન ખેંચે તેવી હતી.

સવારે ૧૦.૩૦ કલાકે પ.પૂ.શ્રી વલ્લભબાવાશ્રીની ઉપસ્થિતિમાં પલના નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી મદન મોહનજી મંદિરમાં પ.પૂજ્ય શ્રી વલ્લભબાવાશ્રીના રાત્રિ નિવાસ દરમ્યાન પત્રકારોને મુલાકાત આપી હતી. તેમજ વૈષ્ણવો સાથે વાર્તાલાપ કર્યો હતો. આપશ્રીએ સમગ્ર છપ્પન ભોગની અને અન્ય વ્યવસ્થા અંગે સંપૂર્ણ સંતોષ કર્યો હતો.

સફળતા બદલ સૌનો ખૂબ ખૂબ આભાર.

અધિક માસમાં તા. ૧૫.૪.૧૦ થી તા. ૧૪.૫.૧૦ સુધી વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવ્યું છે. રૂા. ૧૨૫૧/- મનોરથી દીઠ ન્યોછાવર આપી આપ મનોરથી બની શકો છો. આ અંગે આપ ટ્રસ્ટીઓનો સંપર્ક સાધી શકો છો. Shree Madan Mohanji Mandir Trust, Balasinor નામનો ચેક આપી શકો છો.

# ગ્રામ સેવા સમાજ બાલાસિનોર

## કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

ઉપરોક્ત પાર્કના વિકાસ અને નિભાવ માટે નીચે મુજબ વધુ દાન મળેલ છે. સહુ દાતાઓનો આભાર.

| | |
|---|---|
| ૫,૦૦૦ | અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્ખે રમણીકભાઈ ધારીઆ |
| ૨,૦૦૦ | પ્રફુલચંદ્ર મોહનલાલ ધારીઆ |
| ૧,૧૧૧ | દીનકરલાલ મણિલાલ કચેરીઆ (વરખા) |
| ૧,૦૦૦ | કોકિલાબેન દીનકરલાલ કચેરીઆ (વરખા) |
| ૧,૦૦૦ | નિરંજન કેશવલાલ શાહ (ચટાઈ) |
| ૧,૦૦૦ | કુસુમબેન જયંતિલાલ શાહ (કડુજી) |
| ૫૦૦ | મોદી રસિકલાલ રમણલાલ (ચૌધરી) |

# સુધારો

## ફેબ્રુઆરી માસના અંકમાં

ફેબ્રુઆરી માસના અંકમાં નીચે મુજબ દાન મળેલ છે, તો સુધારેલી રકમની નોંધ લેવા વિનંતી.

૧૫૦૦૦ શાંતાબેન મોહનલાલ શાહ (ચકવા)

૧૧૦૦૦ પન્ના અને અજીત કાંતિલાલ શેઠ

કુલ ભંડોળ રૂા. ૫૬૯૮૨૮ પ્રાપ્ત થયેલ છે.

વધુ દાન આપવા માટે કાર્યકર્તાઓનો સંપર્ક સાધશો.

**લી. રજનીભાઈ શાહ (ઠાસરાવાળા)**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## આભાર

શ્રી પ્રમોદ મુલજીભાઈ ધારીઆ લાલખા (સીકંદ્રાબાદ) તેઓએ તેમની પુત્રી ચિ. હીરના શુભ લગ્ન પ્રસંગે સમાજને રૂા. ૭,૫૦,૦૦૦ અંકે રૂપિયા સાત લાખ પચાસ હજારનું માતબર દાન આપવાનું વચન આપેલું છે.

ઉપરોક્ત સંસ્થાની મેનેજીંગ કમીટી મેમ્બરની તા. ૨૭-૧-૧૦નાં રોજ મળેલી મીટીંગમાં નિર્ણય લેવાયા મુજબ શ્રી પ્રમોદભાઈને નીચે દર્શાવેલ સ્કીમ આપવામાં આવી છે.

'Interest Relief Scheme on Home, Medical and Education Loans 2009'

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ આ ઉમદા દાન આપવા બદલ શ્રી પ્રમોદભાઈ ધારીઆ તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે.

**- નીમીષ કડકિયા (મલમ)**

**- દક્ષેશ કડકિયા (લટકારી)**

**- માનદ્ મંત્રીઓ**

## 'JYOTI PUNJ' ( MONTHLY)

The Registration of Newspaper (central) Rules Annex.
'Details of Monthly magazine 'Jyoti Punj'
(Form No: 4 (Rule No: 8)

| | | |
|---|---|---|
| 1. **Publisher** | : | Shree Balasinor Navyuvak Sangh 118/120, Ardeshar dady Street V.P Road Mumbai - 400004 |
| 2. **Periodicity** | : | Monthly |
| 3. **Name of Printer & Publisher** | : | Shri Nikhil Babulal Parikh |
| 4. **Nationality** | : | Indian |
| 5. **Name of Editor** | : | Shri Nikhil Babulal Parikh |
| 6. **Name and Address of Owner Of the publication having more than 1% share in total capital** | : | Shree Balasinor Navyuvak Sangh 118/120, Ardeshar dady Street V.P Road, Mumbai-400004. |

I, Nikhil Babulal Parikh, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Mumbai
31/03/2010

Sign. Nikhil B. Parikh
Publisher 'Jyoti Punj'

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. મુકેશ કે. શેઠ
૭/૯૦, નવયુગ નગર નં. : ૧
ફોરજેટ હીલ રોડ, તારદેવ, મુંબઈ - ૪૦૦૦૩૬

૨. ભક્તિ દિનેશ મીસ્ત્રી
રૂમ નંબર - ૨/એ, મણી ભુવન, મામલતદાર વાડી,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૪

## નવા ટેલીફોન નંબર

૧. ઈલાબેન ભુપેન્દ્રકુમાર કડકીઆ (ઓટલાવાળા)
મો. : ૯૮૯૨૨૯૧૯૯૯

૨. રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી)
(ઘર) : ૨૧૦૨૦૭૭૧

૩. ઈંદીરાબેન ર. કડકીયા (મરઘા)
(ઘર) : ૨૧૦૨૧૩૧૪

## તેજસ્વી તારલા


તન્વી તે ભાવના તથા પંકજ કીર્તનલાલ ગાંધી (પાકા) ની સુપુત્રી C.F.A. (Chartred Financial Analyst) તથા M.F.A (Master of Financial Ananlysis) માં First Class થી ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી તેઓને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉંમર (વર્ષ |
|---|---|
| સુશીલાબેન નવનીતલાલ પરીખ | ૭૮ |
| કીર્તનભાઈ મોદી, બાલાસિનોર ☆ | |
| અંજુબેન રજનીકાંત દેસાઈ (ગાંડા દેસાઈ) | ૬૪ |
| અનીલભાઈ મોહનલાલ કડકીઆ (ટોકરશી)☆ | ૬૪ |
| પ્રવીણચંદ્ર (બાબુભાઈ) ચીમનલાલ શાહ ☆ (હાથીખાનાવાળા) | ૭૮ |
| નીલરત્ન નટવરલાલ પરીખ (રોકડીયા) ☆ | ૬૧ |

☆ **ચક્ષુદાન કરેલ છે**

### ચક્ષુદાન કરેલ છે



**સ્વ. કીર્તનભાઈ મોદી**



**સ્વ. અનીલભાઈ કડકીઆ**
ઉ.વ. - ૬૪



**સ્વ. પ્રવીણચંદ્ર શાહ**
ઉ.વ. - ૭૮



**સ્વ. નીલરત્ન પરીખ**
ઉ.વ. - ૬૧

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**